પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૨૨, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેવડી કલ્ચર પર પ્રતિબંધ જરૂરી : સુપ્રીમ

## આ ગંભીર મુદ્દો છે, ચૂંટણીપંચ અને સરકાર તેનાથી દૂર રહી શકે નહીં અને એવું ન કહી શકે કે તેઓ કંઈ કરી શકે તેમ નથી

નવી દિલ્હી, તા.૩

દેશભરમાં ચૂંટણી જીતવા માટે વધી રહેલા રેવડી કલ્ચરનો અંત લાવવા સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે ફરી એકવાર આદેશ આપતા કહ્યું છે કે, આ ગંભીર મુદ્દો છે. ચૂંટણીપંચ અને સરકાર તેનાથી દૂર રહી શકે નહીં અને એવું પણ ન કહી શકે કે તેઓ કંઈ કરી શકે તેમ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સરકાર અને ચૂંટણી પંચે આ 'રેવડી કલ્ચર' પર પ્રતિબંધ લગાવવા પર વિચાર કરવો જોઈએ. તમને જણાવી દઈએ કે, દેશભરમાં ચૂંટણી પહેલા દરેક રાજકીય પાર્ટીઓ જનતાને પોતાની તરફેણમાં બનાવવા માટે ઘણી લોકપ્રિય જાહેરાતો કરે છે. તેને સામાન્ય ભાષામાં રેવાડી કલ્ચર કહે છે. સુપ્રીમ કોર્ટે રેવડી કલ્ચરનો અંત લાવવા માટે નિષ્ણાત સંસ્થાની રચના કરવાની હિમાયત કરી હતી.

કોર્ટે કહ્યું હતું કે, તેમાં કેન્દ્ર, વિપક્ષી રાજકીય પક્ષો, ચૂંટણી પંચ, નીતિ આયોગ,આરબીઆઈ અને અન્ય હિસ્સેદારોનો સમાવેશ થવો જોઈએ. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આ મુદ્દો દેશની અર્થવ્યવસ્થા પર સીધી અસર કરે છે. આ બાબતે એક સપ્તાહમાં આવી નિષ્ણાત સંસ્થાની દરખાસ્ત માંગવામાં આવી છે. હવે આ પીઆઈએલ પર આગામી સુનાવણી ૧૧ ઓગસ્ટના રોજ થશે.

રાજકીય પાર્ટીઓ તરફથી ચૂંટણી પહેલા મફતના સામાન આપવાની જાહેરાત પર રોકવાની માગનું કેન્દ્ર સરકાર સૈદ્ધાંતિક રીતે સમર્થન કર્યું હતું. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, આવી રીતે ઘોષણાથી અર્થવ્યવસ્થા પર બોઝ પડે છે અને આવા વલણથી આપણે આર્થિક વિનાશ તરફ આગળ વધી રહ્યા છીએ.

ચૂંટણીમાં મુક્ત જાહેરાતના વચન સામે અશ્વિની ઉપાધ્યાયની અરજી પર કેન્દ્ર સરકારના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, સૈદ્ધાંતિક રીતે અમે આ અરજીનું સમર્થન કરીએ છીએ. મફતમાં આપવું એ અર્થતંત્ર માટે ખતરો સમાન છે. તમને જણાવી દઈએ કે, આ વર્ષે જાન્યુઆરીમાં ચીફ જસ્ટિસ એનવી રમણ અને જસ્ટિસ એએસ બોપન્ના અને જસ્ટિસ હિમા કોહલીની બેન્ચે આ મામલે કેન્દ્ર અને ચૂંટણી પંચ બંને પાસેથી જવાબ માંગ્યો હતો.

# ભારતની જુલાઈમાં વેપાર ખાધ ૩૧.૦૨ અબજ ડોલર

### વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી આંકડા અનુસાર જુલાઈમાં દેશની આયાત વધીને ૬૬.૨૬ અબજ ડોલર થઈ હતી

નવી દિલ્હી, તા.૩

ભારતના રૂપિયામાં એકતરફી ઘટાડાના કારણે દેશના આર્થિક આંકડા પર અસર વર્તાવાની શરૂઆત થઈ છે. મંગળવારે સાંજે જાહેર થયેલ આંકડા અનુસાર જુલાઈ મહિનામાં ભારતની વેપાર ખાધ ૩૧.૦૨ અબજ ડોલરના નવા રેકોર્ડ ઉચ્ચતમ સ્તરે પહોંચી છે. આ આંકડો ગયા વર્ષના જુલાઈ મહિનાના આંકડા કરતાં ત્રણ ગણો વધુ છે. તે જ સમયે જૂનમાં ભારતની વેપાર ખાધ ૨૬.૧૮ અબજ ડોલર હતી, જે જુલાઈ પૂર્વેનો ઈતિહાસનો સૌથી ખરાબ આંકડો હતો.

વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર જુલાઈમાં દેશની આયાત વધીને ૬૬.૨૬ અબજ ડોલર થઈ હતી, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૪૬.૧૫ અબજ ડોલર હતી. આ સાથે જુલાઈ,૨૦૨૨માં દેશની નિકાસ અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ સ્થિર રહીને ૩૫.૨૪ અબજ ડોલર રહી હતી.

વૈશ્વિક કોમોડિટીના ઊંચા ભાવને કારણે તાજેતરના મહિનાઓમાં ભારતની વેપાર ખાધ ઝડપથી વધી છે. તેને કારણે રૂપિયાના વિનિમય દર પર દબાણ આવ્યું છે. જુલાઈની શરૂઆતથી જ રોજબરોજ યુએસ ડોલર સામે રૂપિયો નવા ઐતિહાસિક તળિયા બનાવતો હતો.

# તાઈવાન શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે : સાઈ ઈંગ

### નેન્સી પેલોસીએ તાઈવાનના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી : ગુસ્સે ભરાયેલા ચીને તાઈવાનમાંથી ઈમ્પોર્ટ થતા અને સામાન પર પણ રોક લગાવી : ડ્રેગને તાઈવાન દ્વિપ પાસે મોટા પાયે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે

તાઈપેઈ, તા.૩

અમેરિકાની સંસદના નીચલા ગૃહના સ્પીકર નેન્સી પેલોસીના તાઈવાન પ્રવાસથી ચીન ખુબ ગુસ્સે ભરાયું છે. તેણે સૈન્ય કાર્યવાહીની પણ ધમકી આપી છે. આ સાથે જ ચીનના ઉપવિદેશમંત્રીએ અમેરિકી રાજદૂતને નેન્સી પેલોસીના તાઈવાન પ્રવાસનો આકરો વિરોધ જતાવવા માટે મધરાતે સમન પણ પાઠવ્યું. અમેરિકામાં નંબર ત્રણ સ્થાન ધરાવનારા નેન્સી પેલોસી ભારતીય સમય મુજબ રાતે ૮.૧૪ વાગે તાઈવાન પહોંચ્યા. નેન્સી પેલોસીએ તાઈવાનના રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી.



અમેરિકી સંસદના સ્પીકર નેન્સી સ્પીકરે આજે ભારતીય સમય મુજબ સવારે તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેન સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકા દરેક પગલે તાઈવાન સાથે છે. તેમણે કહ્યું કે અમેરિકાએ તાઈવાનને જે વચનો આપ્યા છે તેનાથી પાછળ હટશે નહીં.

નેન્સી પેલોસીએ કહ્યું કે અમેરિકાએ હંમેશા તાઈવાન સાથે રહેવાનું વચન આપ્યું છે. આ મજબૂત પાયા પર અમારી આર્થિક સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ ક્ષેત્ર અને દુનિયામાં આપસી સુરક્ષા પર કેન્દ્રીત

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૧૩૫ નવા કેસ નોંધાયા

### દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૩૭,૦૫૭ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૪૭૭ પર પહોંચ્યો છે

નવી દિલ્હી, તા.૩

ભારતમાં ફરી એકવાર કોરોના કેસમાં વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૧૩૫ નવા કેસ નોંધાયા છે અને ૪૦ સંક્રમિતોના મોત થયા છે.

દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૩૭,૦૫૭ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૪૭૭ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૪,૩૩૪,૦૩,૬૧૦ લોકો કોરોના મુક્ત થયા છે. દેશમાં કુલ ૨૦૪,૮૪,૩૦,૭૩૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૨૩,૪૯,૬૫૧ ડોઝ ગઈકાલે અપાયા હતા. ઓગસ્ટ મહિનામાં નોંધાયેલા કેસોમાં ૨ ઓગસ્ટે ૧૩,૭૩૪ નવા કેસ નોંધાયા અને ૩૪ સંક્રમિતોએ જીવ ગુમાવ્યા હતા. ૧ ઓગસ્ટે ૧૬,૪૬૪ નવા કેસ નોંધાયા અને ૩૯ સંક્રમિતોના મોત થયા હતા. દેશમાં કોરોનાને નાથવા હાલ સરકાર દ્વારા ફ્રીમાં બૂસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો છે. જોકે તેમ છતાં દેશમાં જુલાઈ મહિનામાં ૫.૪૦ લાખથી વધારે કેસ નોંધાયા હતા. જુલાઈ મહિનામાં ૨૨ જુલાઈના રોજ સૌથી વધુ ૨૧,૮૮૦ નવા કેસ નોંધાયા હતા, જ્યારે ૨૩ જુલાઈએ મહિનાના સૌથી વધુ ૬૭ સંક્રમિતોના મોત થયા હતા. ૫ જુલાઈએ સૌથી ઓછા ૧૩,૦૮૬ કેસ નોંધાયા હતા.

# માયાવતી એનડીએના જગદીપ ધનખડને સમર્થન આપશે

### બીએસપીનું ઉપરાષ્ટ્રપતિ પદ માટે વ્યાપક જનહિત અને પોતાની મૂવમેન્ટને ધ્યાનમાં રાખીને ધનખડને સમર્થન

લખનૌ, તા.૩

બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ ઉપ-રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે એનડીએઉમેદવાર જગદીપ ધનખડને સમર્થન આપવાનું એલાન કર્યું છે. તેમણે પોતાની પાર્ટીના સમર્થનની ઘોષણા બુધવારે કરી છે.

માયાવતીએ ટ્વીટ કરીને લખ્યું કે, એ વાત જાણીતી છે કે, દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં સત્તા અને વિપક્ષ વચ્ચે સહમતિના અભાવને કારણે આ માટે ફરીથી ચૂંટણી યોજાઈ હતી. હવે આ જ સ્થિતિને કારણે ઉપપ્રમુખ પદ માટે પણ ૬ઠ્ઠી ઓગસ્ટે ચૂંટણી યોજાવા જઈ રહી છે.

તેમણે લખ્યું કે, બીએસપીએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે યોજાઈ રહેલી ચૂંટણીમાં પણ વ્યાપક જનહિત અને પોતાની મૂવમેન્ટને પણ ધ્યાનમાં રાખીને જગદીપ ધનખડને પોતાનું સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે અને તેની હું આજે સત્તાવાર રીતે ઘોષણા પણ કરી રહી છું.

માયાવતીએ જણાવ્યું કે, અમે આ નિર્ણય ન તો બીજેપી કે એનડીએના સમર્થનમાં કે ન તો વિપક્ષની વિરુદ્ધ પરંતુ અમારી પાર્ટી અને આંદોલનને ધ્યાનમાં રાખીને લીધો છે. બસપા નબળા, ગરીબ અને ઉપેક્ષિત વર્ગના લોકો માટે નિર્ણયો લેતી રહી છે.

તમને જણાવી દઈએ કે, ઉપરાષ્ટ્રપતિ પદ માટે ૬ ઓગસ્ટના રોજ મતદાન થશે. એનડીએએ પોતાના ઉમેદવાર તરીકે જગદીપ ધનખડને મેદાનમાં ઉતાર્યા છે જ્યારે વિપક્ષ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માર્ગારેટ આલ્વા મેદાનમાં છે. એનડીએ ઉમેદવાર ધનખડને અત્યાર સુધી ભાજપ, જેડીયુ, અપના દળ (સોનેલાલ), બીજેડી, એઆઈએડીએમકે, વાયઆરએસકોંગ્રેસ, લોક જનશક્તિ પાર્ટી જેવા પક્ષોનું સમર્થન મળ્યું છે જ્યારે વિપક્ષના ઉમેદવાર માર્ગારેટ આલ્વાને કોંગ્રેસ, સપા અને ડાબેરી પક્ષોનું સમર્થન છે.

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો ડંકો

### બેડમિન્ટન મિક્સ ટીમ ઈવેન્ટમાં ભારતને મળ્યો સિલ્વર : વેઈટલિફ્ટિંગમાં લવપ્રિત સિંહે બ્રોન્ઝ મેડલ જીત્યો






નવી દિલ્હી, તા.૩

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના પાંચમા દિવસે ભારતે સારું પ્રદર્શન કર્યું. ટીમ ઈન્ડિયાના ખાતામાં બે ગોલ્ડ મેડલ અને બે સિલ્વર મેડલ આવ્યા. અનેક રેકોર્ડ પણ બન્યા. ખેલાડીઓએ દેશનું નામ રોશન કર્યું. જ્યારે કેટલાક ખેલાડીઓ જરા માટે થઈને મેડલ ચૂકી ગયા. ટીમ ઈન્ડિયાના મેડલની સંખ્યા હવે ૧૩ થઈ ગઈ છે. જેમાંથી ૫ ગોલ્ડ છે.

ભારતની ટીમે બેડમિન્ટન મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો. ટીમ મલેશિયા સામે ૧-૩થી હારતા ગોલ્ડ મેડલથી ચૂકી ગઈ અને સિલ્વર ઝોળીમાં આવ્યો.

મેડલ ટેલીમાં ભારત હાલ ૧૩ મેડલ સાથે છઠ્ઠા નંબરે છે. જેમાંથી ૫ ગોલ્ડ મેડલ છે. જ્યારે ૫ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ સામેલ છે. જેમાંથી ચાર મેડલ બે ઓગસ્ટે મળ્યા. જે ટેબલ ટેનિસ, લોન બોલ્સ, બેડમિન્ટન અને વેઈટલિફ્ટિંગમાં મળ્યા છે. આ વખતે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ ટેલીમાં ઓસ્ટ્રેલિયા ૧૦૧ મેડલ સાથે પહેલા નંબરે છે. તેણે ૪૦ ગોલ્ડ મેડલ જીત્યા છે. ત્યારબાદ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડનો નંબર આવે છે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના છઠ્ઠા દિવસે મેડલની રેસમાં સૌથી ભારત તરફથી સૌથી પહેલા વેઈટલિફ્ટર લવપ્રીત સિંહ આવ્યા હતા. લવપ્રીત સિંહે આ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. લવપ્રીતે તમામ સફળ પ્રયત્ન સાથે એક નેશનલ રેકોર્ડ પણ બનાવ્યો છે. કોમનવેલ્થ સ્પર્ધામાં ભારતનો આ ૧૪મો મેડલ છે અને ચોથો બ્રોન્ઝ મેડલ છે.

લવપ્રીત સિંહે ૧૦૯ કિગ્રાની કેટેગરીમાં હિસ્સો લીધો હતો અને સ્નેચ રાઉન્ડમાં ખૂબ જ શાનદાર પ્રદર્શન સાથે ત્રણેય પ્રયત્નોમાં સફળતા મેળવી હતી. ત્યાર બાદ ક્લીન એન્ડ જર્ક રાઉન્ડમાં પણ લવપ્રીતના ત્રણેય પ્રયત્ન સફળ રહ્યા હતા. આ રીતે લવપ્રીતે કુલ ૩૫૫ કિગ્રા (૧૬૩ ૧૯૨) વજન ઉંચક્યું છે જે એક નેશનલ રેકોર્ડ છે અને તેણે પોતાનો જ રેકોર્ડ બ્રેક કર્યો છે.

લવપ્રીતે જ્યારે ક્લીન એન્ડ જર્કનો અંતિમ રાઉન્ડ પૂરો કર્યો ત્યારે તે ટોપ પર હતો પરંતુ બાદમાં અન્ય પ્લેયર્સે તેને પછાડ આપી હતી. એક સમયે ટોપ પર ચાલી રહેલો લવપ્રીત સ્પર્ધાના અંતમાં ત્રીજા નંબરે આવી ગયો અને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. મુકાબલામાં કેમરૂનના ખેલાડીએ ૩૬૧ કિગ્રા વજન ઉઠાવીને ગોલ્ડ જીત્યો છે જ્યારે સૈમુઆના ખેલાડીએ ૩૫૮ કિગ્રા વજન સાથે સિલ્વર મેળવ્યો છે.

# નેશનલ હેરાલ્ડની ઓફિસ ઈડી દ્વારા સીલ કરી દેવાઈ

### તપાસ પૂરી થયા સુધી નહીં ખુલે તાળુ : ઈડીએ નેશનલ હેરાલ્ડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં હેરાલ્ડ હાઉસ સહિત ૧૨ જગ્યાએ દરોડા પાડ્યા હતા

નવી દિલ્હી, તા.૩

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટ (ઈડી)એ




મોટી કાર્યવાહી કરતા હેરાલ્ડ હાઉસ સ્થિત યંગ ઈન્ડિયાની ઓફિસને સીલ કરી દીધી છે. કાલે ઈડીએ આ ઓફિસમાં સર્ચ કર્યું હતું અને ત્યારબાદ તેને સીલ કરી દેવામાં આવી છે. યંગ ઈન્ડિયન કંપનીના ૩૮ ટકા શેર સોનિયા ગાંધીની પાસે અને એટલા શેર રાહુલ ગાંધી પાસે છે. યંગ ઈન્ડિયન તે કંપની છે જેણે એસોસીટેડ જર્નલ્સ લિમિટેડ એટલે કે છત્ન-ને ટેકઓવર કરી હતી.

ઈડીએ મંગળવારે નેશનલ હેરાલ્ડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં હેરાલ્ડ હાઉસ સહિત ૧૨ જગ્યાએ દરોડા પાડ્યા હતા. આ મામલામાં સોનિયા અને રાહુલ ગાંધીની પૂછપરછ થઈ ચુકી છે. પૂછપરછ દરમિયાન સોનિયા ગાંધીને ઈડીએ સવાલ કર્યો હતો કે એજેએલના અધિગ્રહણમાં ૯૦ કરોડ રૂપિયાના દેવાનો ઉલ્લેખ કેમ નથી અને ડોટેક્સ કંપની તરફથી આપવામાં આવેલા એક કરોડ રૂપિયાની લોન ક્યાં રૂપમાં લેવામાં આવી હતી. તેનો જવાબ આપતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે આ તમામ વાતોની જાણકારી તેમને નથી પરંતુ મોતીલાલ વોરાને હતી.

ઈડીને શંકા છે કે ડોટેક્સ કંપનીએ એક કરોડ રૂપિયાની લોન યંગ ઈન્ડિયાને આપી છે તે મની લોન્ડ્રિંગ દ્વારા આપવામાં આવી છે.

# સંજય રાઉતે ૧૦ પ્લોટ ખરીદવા ત્રણ કરોડ રોકડા આપ્યા હતા

### પાત્રા ચાલ કૌભાંડમાં સંજય રાઉત સંદર્ભે વધુ ખુલાસા : પાત્રા ચાલ કૌભાંડમાંથી મળેલા નાણાંનો ઉપયોગ ૧૦ પ્લોટની ખરીદી માટે કરવામાં આવ્યાનો ઈડીનો દાવો

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રના પાત્રા ચાલ કૌભાંડની તપાસ કરી રહેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને જાણવા મળ્યું છે કે, શિવસેનાના સાંસદ સંજય રાઉતે ૧૦ પ્લોટ ખરીદવા માટે ચૂકવણી તરીકે ૩ કરોડ રૂપિયા રોકડમાં આપ્યા હતા. ઈડીએ સોમવારે જણાવ્યું હતુ કે, પાત્રા ચાલ કૌભાંડમાંથી મળેલા નાણાંનો ઉપયોગ અલીબાગના કિહિમ બીચ પર સ્થિત આ ૧૦ પ્લોટની ખરીદી માટે કરવામાં આવ્યો હતો અને સંજય રાઉતે આ રોકડ પ્રવીણ રાઉતને આપી હતી. પ્રવીણ રાઉતના ગુરૂ આશીષ કન્સ્ટ્રક્શનના ડિરેક્ટર છે અને આ કેસમાં મુખ્ય આરોપી છે.

ઈડીના અધિકારીઓએ મંગળવારે પાત્રા ચાલ મની લોન્ડરિંગ કેસના સંબંધમાં મુંબઈમાં બે પરિસરોની તપાસ કરી હતી અને જેમાં શિવસેનાના સાંસદ સંજય રાઉતની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલ અનુસાર, આ બે પરિસરોમાંથી એક એવા વ્યક્તિનું રહેઠાણ સામેલ છે જેને ફાર્મ એચડીઆઈએલ (હાઉસિંગ ડેવલપમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ) પેઢી માટે રોકડ વ્યવહારો કર્યા હતા અને અન્ય પરિસર કંપનીની સાથે સબંધિત છે.

તમને જણાવી દઈએ કે, આ બંને ગોટાળા થયા ત્યારે તેના ડાયરેક્ટર તરીકે પ્રવીણ રાઉત, સારંગ વધાવન અને રાકેશ વધાવન હતા .પ્રવીણ અને સારંગને ૨૦૨૦માં ઈડીએ પકડયા ત્યારે તેમની પૂછપરછમાં સંજય રાઉત કનેક્શન સામે આવ્યુ હતુ. સાથે જ આ અંગે આ વ્યક્તિને ઈડીઓફિસમાં લાવવામાં આવ્યો હતો અને તેનું

● અનુસંધાન પાન-૭ પર

# મમતાએ પશ્ચિમ બંગાળની કેબિનેટમાં ફેરફાર કર્યા

### મમતાની કેબિનેટમાં બાબુલ સુપ્રિયો સહિત ૧૦નો સમાવેશ



કોલકાતા, તા.૩

પશ્ચિમ બંગાળની સીએમ મમતા બેનર્જીએ પોતાના કેબિનેટમાં ફેરફાર કર્યો છે, જેમાં તેમણે કુલ ૧૦ મંત્રીઓને સ્થાન આપ્યું છે. જેમાં બાબુલ સુપ્રિયોને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે. મમતા બેનર્જીએ પહેલાં પણ ઈશારો કર્યો હતો કે, તે પોતાના મંત્રીમંડળમાં થોડા નવા લોકોને સામેલ કરી શકે છે. મમતા બેનર્જીની કેબિનેટમાં આ લોકોને સ્થાનઃ બાબુલ સુપ્રિયો, સ્નેહાશીષ ચક્રવર્તી, પાર્થ ભૌમિકી, ઉદયન ગુહા, પ્રદીપ મજૂમદાર સ્વતંત્ર સભાર મંત્રી (એમઓએસ) બિપ્લબ રોય ચૌધરી, બીરબાહા હસદા. રાજ્યમંત્રીઃ તાજમુલ હુસેન, સત્યજીત બર્મનનો સમાવેશ થાય છે.